**BRAMPTON**

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સિટી ઓફ બ્રૅમ્પટન, પંજાબી સમાજ આરોગ્ય સેવા (Punjabi Community Health Services) અને બાઈક બ્રૅમ્પટન શરૂ કરી રહ્યા છે ડાઉનટાઉન બ્રૅમ્પટન બાઈક હબ

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (25 ઑગસ્ટ 2022) – ગત સપ્તાહમાં, સિટી ઓફ બ્રૅમ્પટને તેમના સહયોગીઓ પંજાબી સમાજ આરોગ્ય સેવા (Punjabi Community Health Services (PCHS)) અને બાઈક બ્રૅમ્પટન સાથે મળીને સુરક્ષિત રીતે સાયકલ હાંકવાને સમર્થન આપવા માટે અને તે પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા માટે ડાઉનટાઉન બ્રૅમ્પટન બાઈક હબની શરૂઆત કરી: ડિફ્રન્ટ સ્પોક્સ.

બ્રૅમ્પટન એક સ્વાસ્થ્યપ્રદ અને સુરક્ષિત શહેર છે અને રસ્તાઓના તમામ વપરાશકર્તાઓનો પ્રવાસનો અનુભવ સલામત અને આરામદાયક બનવા સાથે સક્રિય પરિવહનને પ્રોત્સાહિત કરવા શહેર સમર્પિત છે. 02 માર્ચ 2022ના રોજ થયેલી બેઠકમાં બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે સ્ટાફને PCHSને ટૂંકી મુદતની લીઝ હાથ ધરવા સૂચિત કર્યા કે સિટીની માલિકીની 8 નેલસન સ્ટ્રીટ વેસ્ટ, યુનિટ 104 ખાતેની મિલકતમાંથી બ્રૅમ્પટન બાઈક હબ પ્રચાલિત કરવામાં આવે જે બ્રૅમ્પટનના રહેવાસીઓની સેવામાં આ અનન્ય સહયોગ માટે ઉત્પ્રેરકનું કાર્ય કરશે.

ડિફ્રન્ટ સ્પોક્સ સમાજના સામાન્ય લોકો દ્વારા સંચાલિત હબ એટલેકે કેન્દ્ર છે જે બ્રૅમ્પટનમાં સુરક્ષિત સાયક્લિંગની હિમાયત કરવા સાથે તેને પ્રોત્સાહિત અને તે પ્રવૃત્તિનો પ્રસાર કરશે. આ ડાઉનટાઉન બ્રૅમ્પટન બાઈક હબ પર PCHS આ પ્રવૃત્તિઓ કરશે:

- બાઈક સંબંધિત સેવાઓ આપશે જેમકે બાઈક સમારકામ સહાય અને રિકન્ડિશન્ડ બાઈક્સ અને બાઈકના પુરજાઓનું ફેરવેચાણ;
- બ્રૅમ્પટનમાં સુરક્ષિત રીતે સાયકલ ચલાવવામાં વધારો થાય તેને પ્રોત્સાહિત કરવું અને તેની હિમાયત કરવી;
- વેચાણ માટેની અને ભાડાની રિકન્ડિશન્ડ બાઈકની પહોંચ પૂરી પાડવી;
- સાયકલ ચલાવવામાં રસ ધરાવત કોઈપણ વ્યક્તિ માટે કમ્યુનિટી અને મન્ટરિંગ પ્રોગ્રામ ચલાવવા; અને
- સ્વસ્થ સમાજ અને નિરોગી જીવનશૈલીને પ્રોત્સાહોત કરવી.

સિટી ઓફ બ્રૅમ્પટન 'લોક માર્ગો' બનાવવાનું કાર્ય ચાલુ રાખે છે અને સક્રિય પરિવહનને પ્રોત્સાહિત કરે છે. આ વર્ષે અસ્તિત્વમાં છે એવા સાયક્લિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, હાઈકિંગ, ચાલવું અને રિક્રિએશનલ ટ્રેઈલ્સના 530 કિલોમીટરની સક્રિય પરિવહન નેટવર્કમાં સિટી 30 કરતા વધુ નવા કિલોમીટરનું અંતર ચાલવા, અને સાયક્લિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે ઉમેરશે.

બ્રૅમ્પટનમાં અહીંથી સાયક્લિંગ અંગે વધુ જાણકારી મેળવો અને સક્રિય પરિવહન અંગેની જાણકારી અહીંથી મેળવો.

**સુવાક્યો**

"બ્રૅમ્પટન એક સ્વાસ્થ્યપ્રદ અને સુરક્ષિત શહેર છે અને અમે સાયક્લિંગ વિષયક જાગરૂકતા અને કેળવણી સુધી એક્સેસ આપીને તેમજ સક્રિય પરિવહન અને મનોરંજનના માધ્યમથી એકંદર માનસિક આરોગ્યને વધુ મદદરૂપ થઈને આપણા સમાજની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સમર્પિત છીએ. ડાઉનટાઉન બ્રૅમ્પટનમાં ડિફ્રન્ટ સ્પોક્સની શુભ શરૂઆતને સમર્થન આપતા અમે રોમાંચિત છીએ. આ વિસ્તાર માટે એક આવકાર્ય ઉમેરો છે અને તેનાથી આપણી અગાઉથી જ વિસ્તરિત સક્રિય પરિવહન નેટવર્કનો વધુ વિસ્તાર કરવામાં મદદ મળશે.

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"બ્રૅમ્પટન બાઈક હબ ડાઉનટાઉન બ્રૅમ્પટન માટે જોરદાર ઉમેરો છે. ડિફ્રન્ટ સ્પોક્સ બાઇક ચલાવવાના શોખીનોને સાયકલ સંબંધિત સેવાઓ તો પૂરી પાડશે જ પરંતુ સાથે નવા સાયકલ ચાલકોને મદદરૂપ થશે અને તેમને પ્રશિક્ષણ આપશે અને તમમા વયના રહેવાસીઓ માટે નિરોગી અને સક્રિય જીવનશૈલીને પ્રોત્સાહિત કરશે. આપણા શહેરમા આ સહયોગ જોઈને હું રોમાંચિત છું અને હું બધાને PCHS પાસે રહેલ જાણકારી અને જ્ઞાનનો લાભ લેવા પ્રોત્સાહિત કરું છું જેથી બ્રૅમ્પટનની જોવાલાયક ટ્રેઇલ્સનો આનંદ ઉઠાવી શકાય."

*- માર્ટિન મેડિરોસ (Martin Medeiros), રિજનલ કાઉન્સિલર, , વૉર્ડ 3 & 4 પ્રમુખ, પ્લાનિંગ એન્ડ ડેવેલપમેન્ટ કમિટી, સિટી ઓફ બ્રૅમ્પટન*

"સિટી ઓફ બ્રૅમ્પ્ટન ખાતે અમે સ્ટ્રીટ્સ ફોર પિપલ બનાવવા કાર્ય કરી રહ્યા છે જેમાં સક્રિય પરિવહન પર ધ્યાન કેન્દ્રિત છે. અમે ઉત્સુક છીએ કે સહયોગીઓ સાથે આખા શહેરમાં કાર્ય કરવું ચાલુ રાખવું જેથી સક્રિય અને નિરોગી જીવનશૈલી માટે પ્રોત્સાહન આપી શકાય અને આપણા રહેવાસીઓને સારામાં સારી સવલતો પૂરી પાડી શકાય."

*- પૉલ મોરિસન (Paul Morrison), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર , સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca

BRAMPTON

Media Release